REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

*PUBLISHED BY AUTHORITY*

VOL. XXXXI ] WEDNESDAY 20TH DECEMBER, 2000 / AGRAHAYAN 29, 1922 [ No. 48

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-II EXTRAORDINARY

## સુરત મહાનગરપાલિકા

**મોજે જહાંગીરપુરા–પીસાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીરપુરા–પીસાદ) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ –૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭–૧–૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭) ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૪/૨૦૦૦, તા.૭ –૧૨ –૨૦૦૦ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૫ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરપુરા–પીસાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન

પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ,સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

<u>ઠરાવ:–</u>

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૭–૧૨–૨૦૦૦ ના રોજ મળેલ [illegible] મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

xxxxx

મ્યુ.કમિશ્નરશ્રીનાં તા. ૧૬–૧૧–૨૦૦૦ નાં પત્ર નં. સીમીસ/૮/૨૨ થી વિદિત થઈ, તેમાં જ સઘળી માહિતિ ધ્યાને લઈ , સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી અને શહેર વિકાસ અધિક સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારુપ નગર રચનાં યોજના નં.૪૫ (જહાંગીરપુરા–પીસાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીરપુરા–પીસાદ) બનાવવા ગુજરાત ન રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું,ઈરાદો જા કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થા દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્ર પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૬૪/૨૦૦૦ સર્વાનુમતે મંજુર.</u>

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.